Vihaan Care & Support

GSNP+

Monthly Newsletter

અંક : ૧૭

૧૦ જુલાઇ ૨૦૧૭

# સંગઠિત અવાજ

Collective Voice of Gujarat


HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat

BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad

www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat


## જિલ્લા સ્તરે વિશેષ કામગીરી

- વિશ્વ યોગા દિવસ: યોગ ભગાવે રોગ...આ ઉકિતને સાર્થક કરવા લોકોમાં યોગ પરત્વે સમજ અને જાગૃતિ કેળવાય તે હેતુથી વિશ્વ યોગ દિવસની ઉજવણી દર વર્ષે ૨૧મી જૂનના રોજ કરવામાં આવે છે. જેમાં સમગ્ર રાજયમાં સરકાર શ્રી દ્વારા આયોજીત કરવામાં આવેલ જાહેર કાર્યક્રમમાં વિહાન સી.એસ.સી દ્વારા એચ.આઇ.વી. સાથે જીવતા લોકો ને પણ સામેલ કરવામાં આવ્યા. સ્થાનીક સંસ્થાઓ સાથે સંકલનથી કેટલાક જીલ્લાઓ `માં 'યોગ' વિષય ઉપર બેઠકનું આયોજન કરી એચ.આઇ.વી. સાથેનું જીવન યોગથી કેવી રીતે વધુ સારુ અને સ્વસ્થ બનાવી શકાય તે માટે માહિતી, માર્ગદર્શન આપવામાં આવ્યા.

- સુરેન્દ્રનગર જિલ્લા સંગઠન એસ.ડી.એન.પી.+ની નવમી વાર્ષિક સાધારણ સભા નિમિત્તે સ્થાનિક દાતાશ્રીઓના સહયોગથી ૪૦ બાળકોને પ્રોટીન પાઉડર,૪૦ વિધવા લાભાર્થીઓને ન્યુટ્રીશન કીટ વિતરણ કરવામાં આવ્યા.

- વડોદરા જિલ્લા સંગઠન એ.પી.+ વિહાન ટીમ દ્વારા ગત ત્રણ માસ દરમ્યાન ૧૧૯ એચ.આઇ.વી. પોઝીટીવ મહિલા લાભાર્થીઓના 'પેપ સ્મીઅર' ટેસ્ટ કરાવવામાં આવ્યા. જે પૈકી ૧ કેસ પોઝીટીવ આવતા તેમને સારવાર સાથે જોડવામાં આવ્યા છે. તેમજ ૧૫ અન્ય મહિલાઓને એસ.ટી.આઇ. સમસ્યા જણાતા તેની સારવાર શરૂ કરવામાં આવી. દાતાશ્રીના સહયોગથી ૫૦ લાભાર્થીઓના એકદિવસીય ટૂંકા પ્રવાસનું આયોજન 'નારેશ્વર' ખાતે કરવા માં આવેલ હતું.

## 'રીઅલ ચેમ્પ'...સન્માન વિશેષ બાળકોના કૌશલ્યનું



જીએસએનપી+ દ્વારા 'જોય ઓફ ગીવીંગ'ગૃપના સૌજન્યથી એચ.આઇ.વી. સાથે જીવતા અને અસરગ્રસ્ત બાળકોનો સ્ટેજ કાર્યક્રમ તા.૪ જુન ૨૦૧૭ ના રોજ સરદાર સ્મૃતિ ભવન,સુરત ખાતે આયોજીત કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં બાળકોએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી,એન.એસ.પી+ સુરત જિલ્લા સંગઠન સાથે સંકળાયેલ સમુદાયના બાળકોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સુરત જીલ્લા મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા,ધારાસભ્ય શ્રી જનકભાઈ બગદાણાવાળા તથા અન્ય મહાનુભવો આ કાર્યક્રમમાં સવિશેષ ઉપસ્થિત રહી બાળકો અને વાલી સહિત ૯૦૦થી પણ વધુ સહભાગીઓના પ્રોત્સાહનમાં અભીવૃધ્ધિ કરી હતી. એચ.આઇ.વી બાળકોના હિતાર્થે કાર્યક્રમ દરમ્યાન 'પોઝીટીવ સર્કલ' કોન્સપ્ટ લોન્ચ કરવામાં આવ્યો. જેમાં બાળકોની જરૂરીયાત ને માટે સહયોગીઓને સંગઠીત કરવાનો આ પ્રયાસ છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ - "પ્રકૃતિ સાથે હકારાત્મક જીવનશૈલીનું જોડાણ"



સમગ્ર વિશ્વની સાથે ગુજરાતમાં જી.એસ.એન.પી.+ દ્વારા ૫ જૂન ૨૦૧૭ના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવી. એચ.આઇ.વી. સાથે જીવતા લોકો જે પ્રમાણે નિયમિત એઆરવી દવા લઇ પોતાનું એચ.આઇ.વી. સાથેનું જીવન સ્વસ્થ રાખે છે તેમ એક છોડને પણ વાવી તેને નિયમિત પાણી આપી માવજત કરી વિકાસ કરાવે તે હેતુથી પ્રવૃતિ આયોજીત કરવામાં આવી. જે માટે રાજય સ્તરેથી વનવિભાગ સાથે સંકલન સાધી દરેક જીલ્લામાં જિલ્લા સંગઠન દ્વારા એચ.આઇ.વી. સાથે જીવતા લાભાર્થીઓને લીમડો, તુલસી, નિલગીરી જેવા આર્યુવેદિક છોડ વિતરણ કરવામાં આવ્યા. આ છોડનું વાવેતર તેમના ઘરે કરી જયારે દવા લેવાનો સમય હોય ત્યારે નિયમિત તેને પણ પાણી પાઇને તેના વિકાસની સારસંભાળ લેવાના સંકલ્પ લેવામાં આવ્યા. આ કાર્યક્રમ જિલ્લાના સ્તરના વ્યકિતવિશેષની અધ્યક્ષતામાં આયોજીત કરવામાં આવ્યો. અમદાવાદમાં એઆરટી સેન્ટર, સિવિલ હોસ્પિટલના કાર્યક્રમમાં શ્રી કિરીટભાઇ સોલંકી, સાંસદશ્રી, ડો. ચાવલા, સી.એસ.ટી, જોઇન્ટ ડાયરેકટર, જીસેકસ ઉપસ્થિત રહેલ હતા.

## રાઇટ ટુ એજયુકેશન

સરકારશ્રીના નવા પરિપત્ર અનુસાર નબળી પરિસ્થિતિના બાળકોને સારું શિક્ષણ મળી રહે તે હેતુથી સરકારશ્રીના ખર્ચે શહેરની ખાનગી શાળામાં અભ્યાસ માટેની જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇ અંતર્ગત નકકી કરેલ પ્રવેશ સંખ્યાના મર્યાદામાં આવા જરૂરીયાતમંદ બાળકોને પ્રવેશ મળે છે. જિલ્લા શિક્ષણ વિભાગ તે માટે જરૂરી કાર્યવાહી કરે છે. આ જોગવાઇ હેઠળ જી.એસ.એન.પી.+ 'ખાસબાળગૃહ' ગાંધીનગરના બે બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો.

## 'હિમાયત બેઠક'

ગુજરાતમાં નવનિર્મિત જિલ્લામાં એચ.આઇ.વી.



સાથે જીવતા લોકો માટે આવશ્યક સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓ સુદ્રઢ રીતે મળી શકે તે હેતુથી હિમાયતી બેઠકોનું આયોજન કરવામાં આવ્યું,જે અંતર્ગત મોરબી જિલ્લા માટે આર.ડી.એન.પી+ રાજકોટ તથા ગીર સોમનાથ જિલ્લામાં એસ.એન.જે.પી+ જૂનાગઢ જિલ્લા સંગઠન વિહાન પ્રોજેકટ અંતર્ગત જીલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં હિમાયત બેઠક આયોજીત કરવામાં આવી.

## 'વર્લ્ડ ડોકટર ડે'

એચ.આઇ.વી. સાથે જીવતા લોકોના આરોગ્યની સતત કાળજી લેનાર તબીબશ્રી પરત્વે આભાર અભિવ્યકત કરવા હેતુ 'વિશ્વ ડોકટર દિવસ'નિમિત્તે એઆરટી સેન્ટર પર જઇ એક પુષ્પ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યકત કરી હતી. ડો. ચાવલા, સી.એસ.ટી. જોઇન્ટ ડાયરેકટર, જીસેકસને પરિવર્તન ફાઉન્ડેશન અમદાવાદની ટીમ દ્વારા પુષ્પ આપી સમગ્ર ગુજરાતના એચ.આઇ.વી. પોઝીટીવ સમુદાય માટેઅમૂલ્ય યોગદાન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો.

